
એના સ્કૂલમાંથી વિખુટી પડેલી માછલી

એવલિન શો
ચિત્ર: રાલ્ફ કાર્પેન્ટીયર






એના સ્કૂલમાંથી વિખુટી પડેલી માછલી

એવલિન શો

ચિત્ર: રાલ્ફ કાર્પેન્ટીયર











સૂર્યાસ્ત થઈ ચુક્યો હતો.

રાત થઈ ગઈ હતી.

સમુદ્રમાં હેરિંગ માછલી

બહુ ધીરે-ધીરે તરી રહી હતી.

એ એક સમૂહમાં તરી રહી હતી,

જેને સ્કૂલ કહેવામાં આવે છે.



થોડીવારમાં માછલીઓએ તરવાનું બંધ કરી
દીધું કારણકે બહુ અંધારું થઇ ગયું હતું.

એ સમુદ્રના રેતાળ તળિયામાં

એક સાથે આરામ કરવા લાગી,

અને એ સૂઇ ગઇ.

માછલીઓ માણસોની જેમ સૂતી નથી.

એને પાંપણ નથી હોતી,

એટલે એ એની આંખો

બંધ નથી કરી શકતી.

જયારે એ સૂએ છે,

તો એવું લાગે છે કે

એ એક-બીજાને જોઇ રહી છે.

હેરિંગ માછલી આખી રાત સૂતી રહી.



સૂર્યોદય થયો,

અને સમુદ્રમાં રોશની છવાઈ ગઈ.

એક-એક કરીને

માછલીઓ જાગી ગઈ.

એ અહીં-તહીં તરવા લાગી.

હેરિંગ માછલીઓનો સમૂહ

એક સ્કૂલમાં બદલાઈ ગયો.

એ સાથે તરીને રેતાળ તળિયેથી

દૂર જતી રહી.

પણ એક હેરિંગ માછલી હજી

સૂતી હતી.

જયારે એ જાગી,

તો ઝુંડ ગાયબ હતું.



એણે એની જમણી બાજુ જોયું.

એણે એની ડાબી બાજુ જોયું.

એ સાવ એકલી હતી.



એનું આખું જીવન

એ બીજી હેરિંગ માછલીઓ

સાથે રહી હતી.

ઇંડામાંથી નીકળ્યા પછી

એ એક-બીજાને મળ્યા હતા.

એ અડધા ઇંચ થી પણ ઓછી લાંબી હતી.

હવે નાની માછલી

એક વર્ષની થઇ ગઇ હતી.

એ ચાર ઇંચ લાંબી હતી.

ઝુંડમાં બધી માછલીઓ

એના જેવી જ લાગતી હતી.


એ એક જ પ્રકારની

અથવા એક જ પ્રજાતિની હતી.

એ લગભગ એક જ ઉમર

અને એક જ આકાર ની હતી.

નાની હેરિંગ એના ઝુંડ વગર
સુરક્ષિત ન હતી.



એણે ઝુંડને શોધવાનું શરુ કર્યું.
એ તેજીથી તરવા લાગી,
ઉપર-નીચે અને એક
બાજુથી બીજી બાજુ.
એને ઝુંડ ક્યાંય ન મળ્યું.
એને ભૂખ લાગી હતી.
ઝુંડ ઘણીવાર ભોજનની શોધમાં
કોરલ રીફ જતું હતું.
નાની માછલી કોરલ રીફ તરફ
તરવા લાગી.
એની પૂંછડી ડાબી અને
જમણી તરફ ફરી રહી હતી.

એ થાકી હતી અને બહુ ભૂખી હતી.

એણે નાના જાનવર અને વનસ્પતિ જોયા

જેને પ્લેન્કટન કહેવાય છે.

એ પાણીમાં તરી રહ્યા હતા.


એણે એનું મોઢું ખોલ્યું

અને થોડા પ્લેન્કટન ખાધા.

એણે ચક્કર લગાવ્યું

અને થોડા વધારે પ્લેન્કટન ગળી ગઈ.

જલ્દી એની ભૂખ શમી ગઈ.





એ કોરલ રીફ તરફ

તેજીથી તરતી રહી.

સ્વચ્છ વાદળી પાણીમાં

એણે સમુદ્રી પંખા અને કોરલ
જોયા.



એણે થોડાં જાનવરો જોયા

જે દોરા જેવા દેખાતા હતા.


એ પાણીમાં આગળ-પાછળ

થઈ રહ્યા હતા.

એણે કાળા જાનવર જોયા

જેને લાંબી કાળી કરોડરજ્જુ હતી.

એ સમુદ્રી અર્ચિન હતી.





એક મોરે ઈલે એનું માથું

એ છિદ્રમાં થી બહાર કાઢ્યું

જ્યાં એ રહેતી હતી.


એના દાંત તીક્ષ્ણ અને સફેદ
હતા.

ઘણી માછલીઓ

ચટ્ટાનોના નાના-નાના છિદ્રોમાંથી

અંદર-બહાર આવજા કરી રહી હતી.





એ લાલ, ભૂરી, પીળી અને કાળી હતી.

કોરલ રીફ એક ફૂલના બગીચા જેવી લાગી રહી હતી.

એક નાની જાંબલી માછલીના માથા પર શિંગડા હતા.

એ માછલીઓ એના સ્કૂલની ન હતી.

એ એના રંગની ન હતી.

એની ગંધ એના સ્કૂલની

માછલીઓ જેવી ન હતી.

એ એના સ્કૂલની માછલીઓની

જેમ તરી રહી ન હતી.

નાની માછલી તરતી રહી.

એણે એનું માથું કોરલ રીફની

ખુલ્લી જગ્યાઓમાં નાખ્યું.

એ ભૂરા રંગની ઘેરા પટ્ટાવાળી

એક માછલી તરફ તરી.



એ માછલી સાર્જન્ટ મેજર કહેવાય છે.

એ ઇંડાની રખેવાળી કરી રહ્યો હતો.

સાર્જન્ટ મેજર બીજી માછલીઓને

ઇંડા ખાવાથી રોકી રહ્યો હતો.

જયારે નાની હેરિંગ માછલી

તરીને એની પાસે આવી,

તો સાર્જન્ટ મેજર ગુસ્સામાં

એની તરફ તરીને આવ્યો.





એ તેજીથી તરીને દૂર જતી રહી.

એ એક ઓક્ટોપસ સાથે લગભગ અથડાઇ ગઈ.

ઓક્ટોપસ એક ચટ્ટાનની નીચે બેઠો હતો.

એણે એની આઠ ભુજાઓમાંથી

ત્રણ ભૂજાઓ ઉપર ઉઠાવી.

પણ ઓક્ટોપસ બહુ ધીમો હતો.

નાની માછલી ભાગવામાં સફળ થઈ.

એક કરચલો ચટ્ટાન પાસે

ભોજનની શોધ કરી રહ્યો હતો.

અચાનક ઓક્ટોપસે એની ભૂજાઓ ફેલાવી,

અને એણે એ કરચલો પકડી લીધો.

એ એને ખાવાનો હતો.

હેરિંગ માછલી તરતી રહી.



એણે દૂર એક મોટું કાળું જાનવર જોયું.

દૂર થી, માછલીઓનું એક ઝુંડ

એક મોટા કાળા જાનવર જેવું દેખાય છે.

એ મોટી ભૂખી માછલીઓને

ડરાવીને ભગાવી શકે છે.

જયારે નાની માછલી તરીને જવા લાગી,

તો એણે એ ઝુંડને જોયું.

એ ઝુંડ મુશ્કેલીમાં હતુ.

એક સમુદ્રી કાચબો ઝુંડનો પીછો કરી રહ્યો હતો.

કાચબાએ એની ગરદન લાંબી કરી.

એણે માછલી પર ઝપટ મારી.
એ એમાંથી એકને પકડવાની
કોશિશ કરી રહ્યો હતો.

પણ દરેક વખતે જયારે એ
એનું માથું આગળ કરતો,
તો માછલી એની દિશા બદલી લેતી.





સ્કૂલની માછલીઓ

ઘણી દિશાઓમાં તરી રહી હતી.

કાચબો કોઈ માછલી પકડી ન શક્યો.

માછલી પકડવા કાચબાએ ડૂબકી મારી,

પણ સમૂહ તરીને ઉપર ચાલ્યું ગયું.

બધી માછલીઓ ભાગી ગઈ.



નાની હેરિંગ માછલીએ એને જોઇ.

એણે જોયું કે એ

એવી માછલીઓથી અલગ હતી,

જેની સાથે એ રહેતી હતી.

એ વાદળી હતી.

એ મોટી હતી.

એણે એની સાથે જોડાવાની

કોશિશ ન કરી.

એ તરતી રહી.

એ રીફ પર પાછી ફરી.

આ વખતે એ બીજી બાજુ ગઈ.

ત્યાં ઉગી રહેલી વનસ્પતિ

ઘાસ જેવી દેખાતી હતી.





બીજી એક માછલીઓનો સમૂહ

રેતાળ તળિયે ભોજન કરી રહી હતી.

એ એની પાસે ગઈ.

અચાનક એ રોકાઈ ગઈ.

સ્કૂલની બીજી બાજુ કંઈક હતું.



એ એક બેરાકુડા હતી.

બેરાકુડા સ્થિર ઉભી હતી.

એવું લાગી રહ્યું હતું જાણે

પાણીમાં એક ઢીમચું તરી રહ્યું છે.

નાની માછલી ઘાસની પાછળ જતી રહી.






બેરાકુડાએ એનું મોઢું


ધીરે-ધીરે ખોલ્યું અને બંધ કર્યું.

એના દાંત જડબાની બહાર નીકળેલા હતા.



અચાનક બેરાકુડા

તરીને ઝુંડ તરફ ગઈ.



બધી માછલીઓ ડરી ગઈ.

એ બધી દિશાઓમાં તરવા લાગી.


એક માછલી

બેરાકુડાની સામેથી નીકળી.

બેરાકુડાએ એનું મોઢું ખોલ્યું

અને એના જડબા કસીને બંધ કર્યા.

એ માછલીને ખાઇ ગઇ.




માછલીઓનું ઝુંડ તરીને દૂર ચાલ્યું ગયું.

એ ઘાસની પાસેથી તરીને દૂર નીકળી ગઇ

જ્યાં નાની હેરિંગ માછલી છુપાયેલી હતી.

આ માછલી એને સાવ એના સ્કૂલની


માછલી જેવી લાગી.



એ ચાંદી રંગની હતી

અને એના માથા પર લાલ બિંદુ હતું.

અને એ એનાજ આકારની હતી.





આખરે એને હેરિંગ માછલીઓનું


ઝુંડ મળી ગયું હતું.


એ તરીને એની સાથે થઇ ગઇ.

એની બંને બાજુ માછલીઓ હતી.

એની ઉપર, એની નીચે,

અને એની પાછળ પણ માછલીઓ હતી.





કોઇ માછલી કોઇ બીજી માછલીથી

બહુ દૂર ન ગઈ.

કોઇ માછલી બીજી માછલીની

બહુ નજીક ન આવી.

એ જાણતી હતી કે એ યોગ્ય જગ્યાએ હતી.

ફરીથી ઝુંડ સાથે થવાનું એને સારું લાગ્યું.

માછલીઓનું ઝુંડ

એક સાથે કૂચ કરતા

સૈનિકો જેવું લાગી રહ્યું હતું.

એ બધી માછલીઓ એક જ દિશામાં તરી રહી હતી.

એ બધી લગભગ એક જ ગતિ

થી તરી રહી હતી.

એવું લાગી રહ્યું હતું કે એ એના આગેવાનનું

અનુસરણ કરવાની રમત રમી રહી છે.

માછલીના ઝુંડમાં કોઇ પણ

માછલી આગેવાન બની શકતી હતી.



જો સમૂહ જમણી બાજુ વળતો,

તો જમણી બાજુની માછલીઓ


આગેવાન બની જતી.



જો સમૂહ ડાબી બાજુ વળતો,

તો ડાબી બાજુની માછલીઓ
આગેવાન બની જતી.






ક્યારેક-ક્યારેક સમૂહ ઊલટી દિશામાં ફરી જતું.

જે બાજુથી આવ્યું હતું, એ બાજુ ફરી તરવા લાગતું.

ત્યારે પાછળની માછલીઓ આગેવાન બની જતી.




માછલીઓ ભોજનની શોધમાં

અલગ-અલગ બાજુ ફરતી.

જયારે સમૂહને થોડા પ્લેન્કટન મળતાં,

તો એ તરત ખાવાનું શરુ કરી દેતું.




ભોજન કરતી વખતે

માછલીઓ સમૂહમાં તરતી નથી.

પણ એ ક્યારેય એક-બીજાથી

બહુ દૂર પણ જતી નથી.





જયારે એ ભોજન કરવાનું સમાપ્ત કરે છે,

તો એ એક-બીજાની નજીક આવી જાય છે.

એ ફરી એક સ્કૂલ બની જાય છે.

એ એક સાથે એક દિશામાં તરે છે.

આ એ સ્કૂલ ન હતી

જે નાની માછલીને છોડીને ગઇ હતી.

એને એ ખબર ન હતી.

એનાથી કોઈ ફરક પડતો ન હતો.

એ એક જ જાતની માછલીઓ હતી.

એનાથી સ્કૂલને પણ

કોઈ ફરક પડતો ન હતો.

કારણકે નાની માછલીઓ

સાવ એકસરખી દેખાતી હતી.

સ્કૂલે આખો દિવસ તરવામાં

અને આરામ કરવામાં વિતાવ્યો.

સાંજે એ


ફરી ભોજનની શોધમાં

નીકળી પડી.

ત્યાં રાત થઈ ગઈ.

સમુદ્રમાં અંધારું છવાઈ ગયું.





માછલીઓ શાંત થઇ ગઇ.

એ એની ખુલ્લી આંખોથી

ફરી સૂઇ ગઇ.

અને નાની માછલી પણ સૂઇ ગઇ.

સમાપ્ત